सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ ૦૦   માસ ૦૦   દિવસ ૧૦ | |

**મે.ખેડા જીલ્લાના ચોથા એડીશ્નલ સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુકામ :– નડીઆદ.**

**ક્રિમીનલ ૫.અરજી નં. ૨૭૯/૨૦૨૬**
**આંક: –**

**<u>અરજદાર</u> :** દલપતસિંહ વજેસિંહ ઉર્ફે બાબુભાઇ પરમાર
ઉ.વ.આ.૭૧, ધંધો : ખેતી,
રહેવાસી :આગરવા,કનેરીપુરા,
તા.ઠાસરા,જી.ખેડા.
(હાલ : સબ જેલ બિલોદરા )

વિરૂધ્ધ

**<u>સામાવાળા</u> :** ગુજરાત સરકારશ્રી

**<u>બાબત</u> :–** <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩(૨) મુજબ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯(૧) તથા(૨) વચગાળાના જામીન મેળવવાની અરજી...</u>

અરજદાર તરફે વિ.વ.શ્રી વિક્રમ એસ.ડાભી
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ

**જજમેન્ટ**

(૧) આ કામના અરજદાર/આરોપી સામે ડાકોર પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૧૧૨૦૪૦૨૧૨૫૦૩૮૭/૨૦૨૫ થી પ્રોહી.એકટની કલમ-૬૫(એ)(ઇ), ૮૧,૧૧૬(બી) મુજબની ફરિયાદ નોંધાયેલ છે. જે અનુસંધાને અરજદાર/આરોપી છેલ્લા ઘણા સમયથી જયુડીશીયલ કસ્ટડીમાં હોય અને હાલમાં અરજદારના પત્ની નામે શીતલબેન નાઓને છેલ્લા છ મહીનાથી ગભરામણ તથા છાતીમાં દુ:ખાવો રહેતો હોય તેઓએ અનુજ કલીનીક, આણંદ ખાતે દાખલ થઇ તપાસ કરાવતા તેઓને હાયપરટેન્શન, છાતીમાં દુ:ખાવો હોય ડોકટરે વહેલી તકે કોરોનરી એન્જીયોગ્રાફી કરવાની સલાહ આપેલ હોય, તેમની પત્નીની સારવાર કરાવવી ખુબ જ જરૂરી હોય તેમજ સારવાર અર્થે પૈસાની વ્યવસ્થા કરવા તથા સારવાર દરમ્યાન પત્ની સાથે રહેવું ખુબ જરૂરી હોય અરજદાર/આરોપીએ હુકમ કર્યા તારીખથી દિન-ત્રીસ(૩૦) માટે વચગાળાના જામીન આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદર અરજી અન્વયે વિ.પી.પી. શ્રી હાજર થયેલા છે.

(૨.૧) સદર અરજીના અનુસંધાને પી.આઇ., ડાકોર પોલીસ સ્ટેશનને તા.૭/૩/૨૦૨૬ ના રોજ ટેલીફોન વર્ધી મોકલવામાં આવતા તા.૧૦/૩/૨૦૨૬ ના રોજ આંક:૦૬ થી પી.આઇ. ડાકોર પો.સ્ટેશન નાઓએ હાલના અરજદાર/આરોપીના પત્ની શીતલબેન દલપતસીંહ પરમારની બિમારી બાબતે તપાસ કરતા તેઓના ઘરના માણસોએ તેમજ આણંદ અનુજ હોસ્પીટલ ખાતે જઇ શીતલબેન બાબતે તપાસ કરાવતા અનુજ હોસ્પીટલના ડોકટર કીરીટ એફ. અમીન નાઓએ સર્ટી. આપેલ છે કે, શીતલબેનને એન્જીયોગ્રાફી કે બાયપાસ સર્ઝરી કરાવવી પડે તેમ હોવાનું જણાવી નિવેદનો તથા હોસ્પીટલનું મેડીકલ સર્ટીફીકેટ આ કામે રજૂ કરેલ છે. જે વંચાણે લીધા.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલ છે કે, તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ થયેલ ખરાઈ રિપોર્ટ, સારવાર સર્ટીફીકેટ તથા આરોપીના સગાંના નિવેદન વંચાણે લેતા, હાલમાં અરજદાર/આરોપીની પત્ની શીતલબેન દલપતસીંહ પરમાર નાઓને છેલ્લા છ મહીનાથી ગભરામણ તથા છાતીમાં દુ:ખાવો રહેતો હોય તેઓએ અનુજ કલીનીક,આણંદ ખાતે દાખલ થઇ તપાસ કરાવતા તેઓને હાયપરટેન્શન,છાતીમાં દુ:ખાવો હોય ડોકટરે વહેલી તકે

કોરોનરી એન્જીયોગ્રાફી કરવાની સલાહ આપેલાનું તથા અરજદાર/આરોપીના ઘરના માણસોએ તેમજ આણંદ અનુજ હોસ્પીટલ ખાતે જઈ શીતલબેન બાબતે તપાસ કરાવતા અનુજ હોસ્પીટલના ડોકટર કીરીટ એફ. અમીન નાઓએ સર્ટી. આપેલ છે કે, શીતલબેનને એન્જીયોગ્રાફી કે બાયપાસ સર્જરી કરાવવી પડે તેમ છે. આમ,અરજદાર/આરોપીને પત્નીની સારવાર માટે પૈસાની વ્યવસ્થા કરવા માટે તેમજ સારવાર દરમ્યાન પત્ની સાથે રહેવા માટે હુકમ તારીખથી દિન-૩૦ માટે વચગાળાની જામીન અરજી ગુજારેલ છે, જે મંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) સરકાર તરફે વિ.પી.પી.શ્રીની દલીલ છે કે, તપાસ કરનાર અમલદારનો રિપોર્ટ, આરોપીની પત્નીના સારવારના કેસ પેપર્સ તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ, યોગ્ય તે હુકમ થવો જોઈએ.

(૫) હાલની જામીન અરજી અન્વયે બંને પક્ષોને સાંભળવામાં આવ્યા.

(૬) સદર કામેથી અરજદાર/આરોપી સામે ડાકોર પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૧૧૨૦૪૦૨૧૨૫૦૩૮૭/૨૦૨૫ થી પ્રોહી.એકટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧,૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલની અરજીના કામે અરજદાર/આરોપી છેલ્લા ઘણા સમયથી જયુડીશીયલ કસ્ટડીમાં છે. રજુ થયેલ તપાસ કરનાર અમલદાર દ્વારા આંક:૦૬ થી રજૂ થયેલ ખરાઈ રિપોર્ટ, અરજદાર/આરોપીની પત્ની શીતલબેનનું સારવાર સર્ટીફીકેટ તથા અરજદાર/આરોપીના સગાંના નિવેદન વંચાણે લેતા, હાલમાં અરજદાર/આરોપીની પત્ની શીતલબેન દલપતસીંહ પરમાર નાઓને હાયપરટેન્શન, છાતીમાં દુ:ખાવો હોય ડોકટરે વહેલી તકે કોરોનરી એન્જીયોગ્રાફી કરવાની સલાહ આપેલાનું તથા અરજદાર/આરોપીના સગાંના જણાવ્યા મુજબ તથા આણંદ અનુજ હોસ્પીટલના ડોકટર કીરીટ એફ. અમીન નાઓએ આપેલ મેડીકલ સર્ટી. ધ્યાને લેતા, અરજદાર/આરોપીના પત્ની શીતલબેનને એન્જીયોગ્રાફી કે બાયપાસ સર્જરી સત્વરે કરાવવવાની જરૂરીયાત જણાય છે તેમજ સારવાર માટે પૈસાની વ્યવસ્થા કરવા માટે તેમજ સારવાર દરમ્યાન પત્નીની કાળજી રાખવા અરજદાર/આરોપીની હાજરીની જરૂરીયાત હોવાનું જણાય આવે છે.

(૭) આમ, સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા આંક:૦૬ થી રજૂ થયેલ ખરાઈ રિપોર્ટ, અરજદાર/આરોપીની પત્ની શીતલબેનનું અનુજ હોસ્પીટલ,

આણંદનું સારવાર સર્ટીફીકેટ તથા અરજદાર/આરોપીના સગાંના નિવેદન તથા રજૂ થયેલ કેસ પેપર્સ ધ્યાને લેતા, હાલમાં અરજદાર/આરોપીની પત્ની શીતલબેનની કોરોનરી એન્જીયોગ્રાફી કે બાયપાસ સર્જરી સત્વરે કરાવવા તેમજ સારવાર માટે પૈસાની વ્યવસ્થા કરવા માટે તેમજ સારવાર દરમ્યાન પત્નીની કાળજી રાખવા અરજદાર/આરોપીની હાજરીની જરૂરીયાત જણાતી હોય અરજદાર/આરોપીની હાલની અરજી મંજૂર કરવી ન્યાયોચિત જણાઈ આવતી હોય નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

## <u>હુકમ</u>

(૧) અરજદાર/આરોપી: **દલપતસિંહ વજેસિંહ ઉર્ફે બાબુભાઇ પરમાર,** રહેવાસી : આગરવા, કનેરીપુરા, તા.ઠાસરા, જી.ખેડા – નાઓની ડાકોર પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૧૧૨૦૪૦૨૧૨૫૦૩૮૭/૨૦૨૫ થી પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(ઇ),૮૧,૧૧૬(બી) મુજબના ગુનાની સદર ક્રિમીનલ પરચૂરણ અરજી નંબર ૨૭૯/૨૦૨૬ ની વચગાળાની જામીન અરજી આથી **શરતોને આધીન** મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને **રૂ.૫૦,૦૦૦/–** (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) સિક્યોરીટી ડિપોઝીટ તરીકે નાઝીરશ્રી, ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં જમા કરાવ્યેથી તેમજ અરજદાર/આરોપીએ **રૂ.૧૦,૦૦૦/–** (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી, આ હુકમની તારીખથી **તા.૧૬/૦૪/૨૦૨૬** ના રોજ સાંજના ૫–૦૦ વાગ્યા સુધી વચગાળાના જામીન ઉપર નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે. અરજદાર/આરોપીએ **તા. ૧૬/૦૪/૨૦૨૬** ના રોજ સાંજના ૫–૦૦ વાગ્યે કે તે પહેલાં જેલ મુકામે હાજર થવું.

(૩) અરજદાર/આરોપીએ સિક્યોરીટી પેટે જમા કરાવેલ રકમ **રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂ. પચાસ હજાર પૂરા)** નીચે ફરમાવેલ શરતોનું પાલન કર્યેથી તથા તા. તા.**૧૬/૦૪/૨૦૨૬** ના રોજ કે તે પહેલાં જીલ્લા જેલ, બિલોદરા ખાતે હાજર થયેથી સિક્યોરીટી પેટે જમા કરાવેલ ઉપરોક્ત રકમ અરજદાર/આરોપીને **પરત** ચૂકવવી.

(૪) <u>**શરતો**</u> **:**

(૧) અરજદાર/આરોપીએ પોતાની સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવવો નહીં તેમજ અરજદાર/આરોપીએ સુલેહશાંતિ જાળવી રાખવી અને આવા કે અન્ય કોઈ ગુનાઓમાં સંડોવાવું નહીં.

(૨) અરજદાર/આરોપીએ વિધ્વાન ટ્રાયલ અદાલતમાં તેઓના રહેઠાણનું પાકું સરનામું તેમજ સારવાર થયેલ હોય તે હોસ્પીટલનું સરનામું પૂરું પાડવું અને અદાલતની પૂર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહીં.

(૩) અરજદાર/આરોપીએ વિધ્વાન ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૪) અરજદાર/આરોપીએ તેમના મોબાઈલ નંબર તથા લેન્ડ લાઈન નંબર વિધ્વાન ટ્રાયલ અદાલતમાં પુરસીસથી રજૂ કરવા.

(૫) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુક્ત થયા બાદ દિન–૦૩ માં વિધ્વાન ટ્રાયલ અદાલતમાં અસલ પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું લેખિત સોગંદનામું દિન–૦૩ માં વિધ્વાન ટ્રાયલ અદાલતમાં રજૂ કરવું.

**(૫)** અરજદાર/આરોપીએ **જામીન વિધ્વાન ટ્રાયલ અદાલતમાં** આપવા.

**(૬)** આ હુકમની લેખિત યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને તથા જીલ્લા જેલ, બિલીદરાને કરવી.

હુકમ આજ તારીખ: ૧૭ મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૧૭/૦૩/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ )<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા–એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |